સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (**SMVS**)

સત્સંગ પ્રવૃત્તિ કાર્યાલય (SPK)

**મહિમા વર્ષ :- ૨૦૨૧-૨૦૨૨**

**પ્રગટભાવ માસ ઉપક્રમે (જાન્યુઆરી : ૨૦૨૨)**

# ઘરમંદિરમાં ઠાકોરજીની સેવા માર્ગદર્શિકા પેમ્ફલેટ

## ❖ શ્રીજીમહારાજની સેવામાં પ્રગટભાવની જરૂરિયાત

શ્રીજીમહારાજનો પ્રગટભાવ દ્રઢ થાય તો મહારાજની સેવા ભક્તિમાં આનંદ આવે, ઉત્સાહ જાગે. મૂળજી બ્રહ્મચારી જે મહારાજની સેવા કરતા તે જ મહારાજની સેવા મને મળી... આવા અહોભાવમાં ડુબાય તો જ આનંદ આવે.

વ્હાલા ગુરુજીનું અવરભાવનું સ્વાસ્થ્ય ક્યારેક નાદુરસ્ત હોય છતાંય પોતે જ હરિકૃષ્ણમહારાજની સેવા કરવાનો આગ્રહ રાખે અને કહે, "હરિકૃષ્ણમહારાજની સેવાનો લાભ મને મળે જ ક્યાંથી ! એ તો અમારું જીવન છે."

વ્હાલા ગુરુજીમાંથી આપણે પ્રેરણા મેળવીએ. આપણે પણ ઘરમંદિરમાં મહારાજની સેવાનો અવસર મળે ત્યારે ખૂબ અહોભાવ, પ્રગટભાવ સાથે અચૂક મહારાજની સેવાનો લાભ લઈએ.

## 1) ઘરમંદિરના ઠાકોરજીનો મહિમા

- પરિવારના તમામ સભ્યોએ ઘરમંદિરમાં દિવસ દરમ્યાન ઠાકોરજીની ઓછામાં ઓછી એક સેવાનો લાભ લેવો.
- ઠાકોરજી પ્રગટ અને સાક્ષાત ઘરમંદિરમાં બિરાજે છે એવો પ્રગટભાવ કેળવવો.
- ઠાકોરજીને પ્રગટભાવે પ્રાર્થના કરવી.
- ઘરમંદિરમાં દિવસ દરમ્યાન ઠાકોરજી જોડે ૫ મિનીટ પ્રગટભાવે વાતો કરવી.
- ઘરમાં કોઈ પણ વસ્તુ નવી લાવ્યા હોય તો તે ઘરમંદિરમાં ઠાકોરજીને પ્રસાદીની કરવી પછી જ ઉપયોગમાં લેવી અથવા ધરાવવી.

## 2) ઘરમંદિરનું સ્થાન

- ઘરમંદિર શક્ય હોય ત્યાં સુધી રસોડામાં ન રાખવું, હવા-ઉજાસવાળી જગ્યાએ રૂમમાં અથવા હોલમાં રાખવું. શક્ય હોય તો બીજા રૂમમાં ઘરમંદિર રાખવુ જોઈએ.
- ઘરમાં આવતા-જતા મહારાજના દર્શન થાય તેવી જગ્યાએ ઘર મંદિર રાખવું.
- ઘરમંદિર સાવ નીચે (જમીન પર) કે વધુ પડતું ઊંચુ પણ ન રાખવું જેથી સેવા કરવામાં તકલીફ પડે.

## 3) ઘરમંદિરમાં ધ્યાનમાં રાખવાની બાબતો.

- ઘરમંદિરમાં લાઈટ, પંખાની વ્યવસ્થા રાખવી, જેને શક્ય હોય તેમણે ઉનાળાના સમયમાં AC અને શિયાળાના સમયમાં હીટરની વ્યવસ્થા પણ કરવી.
- ઘરમંદિરમાં ઠાકોરજીને પોઢાડવા માટેનો પડદા અવશ્ય હોવા જોઈએ.
- ઘરમંદિરમાં સમયાંતરે સ્વચ્છતા કરવી. આપણું ઘરમંદિર તથા ઘરમંદિરની વસ્તુઓ સ્વચ્છ અને સુઘડ હોવી જોઈએ.
- જો ઘરમાં બટુક મહારાજ હોય તો મહારાજના વાઘા, અલંકાર તથા મંદિરની અન્ય વસ્તુ મૂકવા અલગ જગ્યા રાખવી. (આપણા કપડાં કે બીજી વસ્તુ જોડે ન મુકવી.)
- શક્ય હોય ત્યાં ઘરમંદિરમાં ઠાકોરજીને મચ્છર ન કરડે તે માટેની વ્યવસ્થા કરવી. દા.ત.મચ્છરદાની, All Out, અગરબત્તી વગેરે
- ઘરમંદિરમાં અમીરપેઢીની મૂર્તિ હોવી જોઈએ એ જ રીતે ગુરુદેવ પ.પૂ.બાપજીની મૂર્તિ પણ હોવી જોઈએ.

## 4) ઘરમંદિરમાં મહારાજની સેવા

### 1. નિત્યક્રમ

સવારે સ્નાન કર્યા બાદ જ ઠાકોરજીની સેવા કરી શકાય ( વ્યક્તિગત પૂજા કદાચ બાકી હોય તો ચાલે.)

| | |
|---|---|
| સવારે ૬:૦૦ થી ૭:૧૫ | મહારાજને જગાડવા, મંગળા આરતી, સવારનો થાળ (બાળભોગ) |
| બપોરે ૧૧:૦૦ થી ૧૨:૦૦ | ઠાકોરજીને પોઢાડતા પહેલા બપોરનો થાળ ધરાવીને પોઢાડવા. |
| સાંજે ૪:૦૦ થી ૪:૩૦ | ઠાકોરજીને જગાડવા. શક્ય હોય તો ફ્રૂટ- સીંગસાકર અને જળ ધરાવવું. |
| સાંજે ૭:૦૦ વાગે | ઠાકોરજીની સંધ્યા આરતી |
| સાંજે ૭:૦૦ થી ૮:૦૦ | થાળ કરવો. |
| રાત્રે ૮:૦૦ થી ૯:૦૦ | ઠાકોરજીને જળ ધરાવીને પોઢાડવા. |

### 2. સવારે જગાડવાની સેવા

- સૌ પ્રથમ મહારાજને જગાડતા પહેલા પુરુષ સભ્યએ બે દંડવત કરવા અને મહિલા સભ્યએ બે પંચાંગ પ્રણામ કરવા તે દરમ્યાન ધીમે ધીમે પ્રભાતિયા બોલવા.
- **પ્રાર્થના :** જાગો મહારાજ, જાગો દયાળુ... જાગો, હે અક્ષરધામના અધિપતિ ઘનશ્યામ મહાપ્રભુ જાગો દયાળુ...
- મહારાજને પ્રાર્થના કરતાં કરતાં, દિવ્યભાવે હળવા હળવા હાથે સ્વચ્છ, પોચા, મુલાયમ રુમાલથી દિવ્યભાવે મહારાજના અંગો અંગને લૂછવા.
- ત્યારબાદ મહારાજને હાર ધારણ કરાવવો.

➢ જો ઘરમંદિરમાં બટુક મહારાજ પધરાવ્યા હોય તો

- બટુક મહારાજની મૂર્તિ હોય તો પ્રાર્થના કરીને મહારાજના વસ્ત્ર ઉતારી, કોરા રુમાલથી સ્નાન કરાવવું. (મહારાજના અંગોઅંગ લૂછવા) સ્નાન કરાવ્યા બાદ મહારાજને વસ્ત્ર, અલંકાર ધારણ કરાવવા.

### 3. મંગળા આરતી, સંધ્યા આરતી

- પ્રગટભાવે, મહિમાસભર થઈને મહારાજની આરતી કરવી.
- આરતી ઉતારતી વખતે વૃત્તિ આજુ-બાજુ દોડાવવી નહી, અન્ય વાતો કે ઈશારા પણ ન કરવા.
- આરતી ઉતારતી વખતે સાથે સાથે આરતી ઉચ્ચ સ્વરે બોલતા જવું.
- શક્ય હોય તો આરતી વખતે ઠાકોરજીની બાજુમાં પંખો હોય તો જરૂરિયાત મુજબ ચાલુ કરવો. પંખાના પવનથી આરતી ઓલવાય ન જાય તેનો ખાસ ખટકો રાખવો. આરતી બાદ ઘરમંદિરનો પંખો ચાલુ કરવો.
- આરતી બાદ આરતીની વસ્તુઓ યથાસ્થાને મૂકવી.
- આરતી બાદ આરતી પછીના આહ્નિક બોલવા. દંડવત-દર્શન કરવા.
- આરતી પૂર્ણ થયા બાદ મહારાજને આરતી વધાવવી તથા આરતી મસ્તકે ચડાવવી.

### 4. થાળ (સવાર - બપોર - સાંજ)

- થાળ પૂર્વે પ્રાર્થના કરી ઠાકોરજીના હાર ઉતારવા.
  (જો ઘરમંદિરમાં બટુક મહારાજ પધરાવ્યા હોય તો)
  થાળ મૂકતા પહેલા મહારાજને પ્રાર્થના કરી મહારાજના મસ્તક પરથી ટોપી / પાઘ / મુગટ, હસ્તમાંથી રૂમાલ / માળા / છડી, કંઠમાંથી હાર તથા ખેસ ઉતારવા.
- મહારાજ આગળ ટેબલ / સ્ટેન્ડ / પાટલો મૂકી તેની ઉપર થાળ અને ડાબા હસ્ત બાજુ જળનો લોટો મૂકવો. જો એવી વ્યવસ્થા શક્ય ન હોય તો હાથમાં થાળ રાખી ધરાવવો અને જળનો લોટો ઘરમંદિરમાં મૂકવો.
- મીઠાઈ તથા રોટલી મહારાજ તરફ રહે તે રીતે થાળ મૂકવો અથવા હાથમાં રાખવો.
- જો હાથમાં રાખી મહારાજને થાળ ધરાવવાનો હોય તો થાળ મહારાજના હસ્ત અને મુખારવિંદની વચ્ચે રાખવો.

- ઋતુ પ્રમાણે સવારના થાળમાં ઠંડુ / ગરમ દૂધ ધરાવવું.
- ઠાકોરજીને ગદ્‌ગદ્‌ભાવે પ્રાર્થના કરી થાળ જમાડવો. થાળ દરમ્યાન ઓછામાં ઓછો એક થાળ બોલવો અને મહારાજને પ્રેમથી જમાડવા.
- ઋતુ પ્રમાણે ભોજનની વસ્તુઓ તથા જળ ધરાવવું.
- મહારાજને થાળ ઓછામાં ઓછી ૫ મિનિટ તો ધરાવવો જ.
- થાળ ધરાવ્યા બાદ મહારાજને છેલ્લે જળ ધરાવવું.

➢ **થાળમાં ધ્યાનમાં રાખવાની બાબતો**

- ઠાકોરજીના થાળ માટેના ડીશ, વાટકી, ચમચી, ગ્લાસ વગેરે વાસણ અલગ રાખવા. જે બીજે ક્યાંય વાપરવા નહીં.
- થાળ ધરાવતા પહેલા વાસણ સ્વચ્છ કપડાથી લુછીને પછી જ વાપરવા.
- મહારાજને વધુ પડતી ઠંડી કે વધુ પડતી ગરમ રસોઈ ન ધરાવવી.
- થાળ ધરાવતી વખતે વચ્ચે માનસીપૂજા ન કરવી.
- જો શક્ય હોય તો મહારાજના જળ માટેની નાની માટલી અલગ રાખવી અને મહારાજનું જળ ફ્રિજમાં મૂકવાનું હોય તો અલગ જગ કે બોટલ રાખવી.

**5. બપોરે કે રાત્રે પોઢાડવાની સેવા.**

- ઠાકોરજીને પોઢાડતા પહેલા જળ ધરાવવું.
- પ્રાર્થના કરી મહારાજના હાર ઉતારવા.
- ઋતુ પ્રમાણે ચાદર, શાલ, ધાબળો ધરાવવા.
- મહારાજ જોડે પાણીનો લોટો / ગ્લાસ ભરીને મૂકવો.
- મહારાજને પોઢવા માટે પ્રાર્થના કરી પડદો બંધ કરવો. જો જુદો રૂમ હોય અને દરવાજાની વ્યવસ્થા હોય તો દરવાજો બંધ કરવો.

➢ **જો ઘરમંદિરમાં બટુક મહારાજ પધરાવ્યા હોય તો.**

- પોઢાડતી વખતે ઠાકોરજીના પાઘ, ખેસ, હસ્તમાં છડી-રૂમાલ તથા કંઠમાં ધરાવેલ હાર પ્રાર્થના કરી ઉતારવા.
- શક્ય હોય તો ઠાકોરજીને ભારે વાઘા ધારણ કરાવ્યા હોય તો તે ઉતારી હળવા વાઘા / શયનના વાઘા ધારણ કરાવવા.

**6. સાંજે મહારાજને જગાડવાની સેવા.**

- સવારે મહારાજને જગાડીએ તે મુજબ જ બધી સેવા કરવી.
- ઠાકોરજીને ફ્રુટ અને જળ ધરાવવું. જો શક્ય હોય તો ઋતુ પ્રમાણે શરબત, જ્યુસ કે આઈસ્ક્રીમ ધરાવી શકાય.

**7. ક્રિયાશુદ્‌ધિ પવિત્રતા**

- દિવસ દરમ્યાન ઘરમંદિરની સેવા કરતા પહેલા ફરજીયાત હાથ ધોવા.
- ઘરમંદિર, ઠાકોરજીની મૂર્તિ કે ઠાકોરજી માટેની વસ્તુઓ (થાળ, થાળનું ટેબલ, આરતી, ઘંટડી) ને હાથ ધોઈને જ અડવું.
- ઠાકોરજીની વસ્તુઓ (વાઘા, અલંકાર, હાર, આસન) જમીન પર જ્યાં ત્યાં આસન કે કાપડ પાથર્યા વગર ન મૂકવા.
- અઠવાડિયે એક વખત ઠાકોરજીની આરતી તથા ઘંટડી અવશ્ય ઘસવી.
- મહિલાઓ દ્‌વારા રજસ્વલાના નિયમોનું પાલન થવું જરૂરી છે. આ દિવસોમાં પુરુષ સભ્યોએ ઘરમંદિરની તમામ સેવા કરવી.

# ઘરમંદિરમાં ઠાકોરજીની સેવાનો લાભ લેવા માટે જરૂરી વસ્તુઓની યાદી

| ક્રમ | વિગત | ચેકલિસ્ટ |
|---|---|---|
| 1 | ઠાકોરજીનું સિંહાસન ( ઘરમંદિર ) | |
| 2 | સિંહાસનનો પડદો | |
| 3 | અમીરપેઢીની મૂર્તિ (ગુરુદેવ પ.પૂ.બાપજીની મૂર્તિ સહિત) અથવા બટુક મહારાજ તથા અમીરપેઢીની મૂર્તિ | |
| 4 | મૂર્તિ પધરાવવા માટે યોગ્ય આસન | |
| 5 | થાળ મુકવા માટે પાટલો / ટેબલ | |
| 6 | થાળ ધરાવવા માટેના જુદા વાસણો (થાળી, વાટકી, ચમચી, લોટો, ગ્લાસ, ડીશ વગેરે) | |
| 7 | સ્નાન કરાવવા માટેનો રૂમાલ | |
| 8 | આરતી | |
| 9 | દિવેટ | |
| 10 | અગરબત્તી | |
| 11 | માચીસ | |
| 12 | ઘંટડી | |
| 13 | લાઈટ | |
| 14 | ઉનાળાની ઋતુ માટે પંખો અથવા શક્ય હોય તો AC | |
| 15 | શિયાળાની ઋતુ માટે શાલ / ધાબળો અથવા શક્ય હોય તો હીટર | |
| 16 | ઠાકોરજીને હાર ધરાવવા માટે વિવિધ આર્ટિફિશિયલ હાર | |
| 17 | નિત્ય નિયમ પુસ્તિકા | |
| 18 | બટુક મહારાજની મૂર્તિ હોય તો બટુક મહારાજના વિવિધ વાઘા તથા શણગાર | |